# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

***************************************************

1) અમદાવાદમાં ભારે ઉલ્લાસ અને શ્રધ્ધાપૂર્વક ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રાનું સરસપુર મંદિર તરફ પ્રયાણ

2) ગૃહમંત્રી અમિત શાહ આજથી રાજ્યની બે દિવસની મુલાકાતેઃ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે

3) વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે જણાવ્યું છે કે, 1975માં લાદવામાં આવેલી કટોકટીનો હેતુ દેશ અને સમાજનું નૈતિક મનોબળ તોડવાનો હતો

4) ભારતે રશિયા સાથે S-400 સિસ્ટમ સહિતના મહત્વપૂર્ણ લશ્કરી હાર્ડવેરની ખરીદી અંગે ચર્ચા કરી

5) આઇસીસીએ ટી 20 મેચો માટે પાવરપ્લે સહિતનાં નવા નિયમોની જાહેરાત કરી

.........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RATHYATRA

અમદાવાદમાં ભારે ઉલ્લાસ અને શ્રધ્ધાપૂર્વક ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા સરસપુર તરફ આગળ વધી રહી છે. નગરચર્યાએ નીકળેલા ભગવાનનાં દર્શન કરીને ભાવવિભોર થયેલા નગરજનો ધન્યતા અનુભવી રહ્યા છે.

બપોરે 12 વાગ્યા પહેલાં ગજરાજ સરસપુર પહોંચી ગયા હતા. છેલ્લાં અહેવાલ પ્રમાણે ભગવાન જગન્નાથ, ભાઇ બલરામ અને બહેન સુભદ્રાજીનાં રથો કાલુપુર પહોંચ્યા છે.

આજે સવારે ચાર વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમનાં પરિવાર સાથે જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી હતી અને ભગવાનનાં આશીર્વાદ લીધા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જગન્નાથ મંદિર ખાતે સોનાની સાવરણીથી મંદિરમાં સફાઇની ‘પહિંદ’ વિધી કરાવ્યા બાદ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલદેવજીનાં રથે પ્રસ્થાન કર્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે પહોંચેલા ભગવાનનાં રથોનું શહેરના મેયર સહિતનાં હોદેદ્દારોએ સ્વાગત કર્યું હતું. ભગવાનને સૌ પ્રથમ વાર પોલિસ દ્વારા ‘ગાર્ડ ઓફ ઓનર’ આપવામાં આવ્યું હતું.

# PREZ - PM - RATH YATHRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જગન્નાથ પુરી રથયાત્રા પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે લાખો ભક્તો ભગવાન બલભદ્ર, ભગવાન જગન્નાથ, દેવી સુભદ્રા અને ચક્રરાજ સુદર્શનની ભવ્ય રથ પર બેઠેલી મૂર્તિઓના દર્શન કરીને દિવ્ય અનુભવ મેળવશે.

તેમણે કહ્યું કે આ દિવ્ય સ્વરૂપોની માનવ દિવ્ય લીલા આ યાત્રાની વિશેષતા છે. આ શુભ પ્રસંગે રાષ્ટ્રપતિએ ભગવાન જગન્નાથને વિશ્વભરમાં શાંતિ, મિત્રતા અને સંવાદિતા માટે પ્રાર્થના કરી.

દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ભગવાન જગન્નાથની રથયાત્રા નિમિત્તે તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે આશા વ્યક્ત કરી કે શ્રદ્ધા અને ભક્તિનો આ તહેવાર દરેક માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ, સૌભાગ્ય અને સારું સ્વાસ્થ્ય લાવે.

# PM - ASHADHI BIJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે વિશ્વભરના કચ્છી સમુદાયને શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કચ્છના ભાઈઓ અને બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા અને બધા માટે કાયમી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# AMIT SHAH GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી રાજ્યની બે દિવસની મુલાકાતે છે. શ્રી શાહે આજે સવારે અમદાવાદમાં ભગવાન જગન્નાથજી મંદિરમાં મંગળા આરતી કરી. શ્રી શાહ આજે બપોરે ગાંધીનગરના ઇન્ફોસિટીમાં ઇન્ફોર્મેશન એન્ડ લાઇબ્રેરી નેટવર્કની મુલાકાત લેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી આજે સાંજે ગાંધીનગર સર્કિટ હાઉસમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટીની બેઠકમાં ભાગ લેશે.

શ્રી શાહ આવતી કાલે ગોધરા જિલ્લાના વિંઝોલમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ પ્રોજેક્ટોનાં ખાતમૂહુર્ત અને લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ આવતી કાલે બાવળા તાલુકાના આદ્રોડા સેવા સહકારી મંડળીનાં નવનિર્મિત સહકારી સંકુલનું લોકાર્પણ કરશે.

આ ઉપરાંત તેઓ સાણંદ તાલુકામાં જુવાલ પ્રાથમિક શાળા લોકાર્પણ અને ફાંગડી પંચાયત ઘરનું લોકાર્પણ સહિતનાં કાર્યક્રમોમાં હાજરી આપશે.

# JAISHANKAR – EMERGENCY

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે જણાવ્યું છે કે, 1975માં લાદવામાં આવેલી કટોકટીનો હેતુ દેશ અને સમાજનું નૈતિક મનોબળ તોડવાનો હતો.

કટોકટીનાં 50 વર્ષ પ્રસંગે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે જણાવ્યું કે, કટોકટીએ લોકોને એક પાઠ શીખવ્યો કે સ્વતંત્રતાને ક્યારેય હળવાશથી ન લેવી જોઇએ.

તેમણે ઉમેર્યું કે, જ્યારે પરિવારને દેશ કરતાં મોટો માનવામાં આવે ત્યારે કટોકટી જેવી સ્થિતિ ઉદભવે છે. તેમણે જણાવ્યું કે, કટોકટીનાં બે વર્ષનાં સમયગાળામાં પાંચ બંધારણીય સુધારા કરવામાં આવ્યા હતા અને 48 વટહૂકમો પસાર કરવામાં આવ્યા હતા.

(BYTE DR. S JAISHANKAR)

# RAJNATH – RUSSIA

ભારતે રશિયા સાથે S-400 સિસ્ટમ, SU-30 MKI અપગ્રેડ અને મહત્વપૂર્ણ લશ્કરી હાર્ડવેરની ખરીદી અંગે ચર્ચા કરી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ચીનના કિંગદાઓમાં શાંઘાઈ સહકાર સંગઠનના સંરક્ષણ મંત્રીઓની બેઠકથી અલગ રશિયાના સંરક્ષણમંત્રી આન્દ્રે બેલોસોવ સાથે વિવિધ મુદ્દાઓ પર વ્યાપક વાટાઘાટો કરી હતી. રશિયાના સંરક્ષણ મંત્રીએ લાંબા સમયથી ચાલતા ભારત-રશિયા સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને પહલગામ આતંકવાદી હુમલા પછી ભારતની કાર્યવાહીને  સમર્થન આપ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY RAJNATH – CHINA

ભારતે ચીન સાથે 2020 બાદ સરહદ અંગે આવેલા અવરોધ અને પરસ્પર અવિશ્વાસને દૂર કરવા માટે સરહદ સીમાંકનના કાયમી ઉકેલ પર ભાર મૂક્યો છે. ભારત-ચીન સરહદ પર શાંતિ અને સુમેળ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂકતા, ભારતે પરસ્પર મતભેદો ઘટાડીને સરહદ વિવાદનો ઉકેલ લાવવાનું પણ આહ્વાન કર્યું છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠનના સંરક્ષણમંત્રીઓની બેઠક દરમિયાન ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જુન સાથે મુલાકાત કરી હતી. શ્રી સિંહે પરસ્પર સંબંધોને સામાન્ય બનાવવા માટેના બંને દેશોના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આમ કરવાથી બંને દેશોને ફાયદો થશે અને એશિયા અને વિશ્વમાં સ્થિરતા લાવવામાં પણ મદદ મળશે. બંને દેશોના નેતાઓ સરહદ સંબંધિત વિવિધ મુદ્દાઓની પ્રગતિ માટે વાતચીત ચાલુ રાખવા સંમત થયા હતા.

બેઠકમાં, શ્રી સિંહે શ્રી જૂનને તાજેતરના પહેલગામ આતંકવાદી હુમલા અને પાકિસ્તાનના આતંકવાદી નેટવર્કને તોડી પાડવા માટે ભારત દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર વિશે પણ માહિતી આપી હતી.

# SITHARAMAN - BANKS EARLY

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં વિવિધ માપદંડો પર જાહેર ક્ષેત્રની બેંકોના પ્રદર્શન અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરી, નાણાકીય સેવાઓ વિભાગના સચિવ એમ. નાગરાજુ સહિત જાહેર ક્ષેત્રની બેંકોના મેનેજિંગ ડિરેક્ટરો અને સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# IMD WEATHER

હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું પંજાબ, રાજસ્થાન અને હરિયાણાના કેટલાક ભાગોમાં આગળ વધી ગયું છે અને આગામી ત્રણ ચાર દિવસમાં દેશના બાકીના ભાગોમાં ચોમાસાના આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે.

હવામાન વિભાગે આવતીકાલ સુધી કેરળ, માહે, ઉત્તરાખંડ, રાજસ્થાન અને ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું છે કે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કર્ણાટક, કોંકણ, ગોવા, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં પણ વરસાદની શક્યતા છે.

આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં અલગ અલગ સ્થળોએ આવતીકાલ સુધી ભેજ રહેવાની સંભાવના છે.

# ICC-ટી 20

આંતર રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ ICC એ T20 મેચો માટે નવા પાવર પ્લે નિયમો જાહેર કર્યા છે. જેમાં ટૂંકા ગાળાના ફોર્મેટ માટે શરૂઆતમાં માન્ય ઓવરની સંખ્યા અને પ્રતિબંધિત ક્ષેત્ર અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. આગામી મહિનાથી અમલમાં આવનારા નવા નિયમો મુજબ, એક ઇનિંગમાં આઠ ઓવર સુધી ઘટાડેલી રમતમાં હવે 30 વારનાં સર્કલની બહાર માત્ર બે ફિલ્ડરો હશે અને પાવર પ્લેની બે ઓવર અને બે બોલ આપવામાં આવશે.

આ જ રીતે, પાંચ ઓવરની ઇનિંગ માટે દોઢ ઓવર પાવર પ્લેની હશે. 10 ઓવરની ઇનિંગમાં ત્રણ ઓવર અને 15 ઓવરની ઇંનિંગમાટે સાડા ચાર ઓવર પાવરપ્લે માટે નિર્ધારિત કરવામાં આવી છે.

# SUGAR PRODUCTION

ભારતમાં ખાંડનું ઉત્પાદન આવતા વર્ષે 15 ટકા વધીને લગભગ સાડા ત્રણ કરોડ ટન થવાની ધારણા છે. એક ક્રેડિટ રેટિંગ એજન્સીના અહેવાલમાં જણાવાયું છે કે સરેરાશથી વધુ ચોમાસાને કારણે ઉત્પાદનમાં વધારો થવાની શક્યતા છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં શેરડીનું ઉત્પાદન વધવાની સંભાવના છે. જો પરિસ્થિતિઓ અનુકૂળ રહેશે, તો ખાંડની નિકાસ ફરી શરૂ થવાની પણ અપેક્ષા છે.

# TRUMP-REPORTS LEAK

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડેમોક્રેટિક પાર્ટી પર વર્ગીકૃત ગુપ્તચર અહેવાલ લીક કરવાનો આરોપ લગાવ્યો છે. આ અહેવાલ ટ્રમ્પ વહીવટીતંત્રના એ દાવાનો વિરોધાભાસી છે કે તાજેતરના અમેરિકન હવાઈ હુમલાઓએ ઈરાનની પરમાણુ સંવર્ધન સુવિધાઓને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધી છે.

આ આરોપ બે અગ્રણી અમેરિકન મીડિયા એજન્સીઓએ જાહેર કરેલા અમેરિકાના સંરક્ષણ ગુપ્તચર એજન્સીનાં એક અહેવાલ પછી આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આ હુમલાઓએ ઈરાનના પરમાણુ કાર્યક્રમમાં માત્ર થોડા મહિનાઓ સુધી વિલંબ કર્યો છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ઇરાનનો મોટા ભાગનો યુરેનિયમ જથ્થો હૂમલા પહેલાં અન્યત્ર સ્થળાંતર કરવામાં આવ્યો છે. શ્રી ટ્રમ્પે મિડિયા એજન્સીઓ પર રાષ્ટ્રની સલામતી સાથે સમાધાન કરવાનો આરોપ મૂક્યો છે